# સુરત મહાનગરપાલિકા

## જાહેર આરોગ્ય વિભાગ

### સ્વચ્છ ભારત અભિયાન

## -: પ્રેસનોટ :-

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તથા તા.૦૫-૦૬-૨૦૧૭ "વિશ્વ પર્યાવરણ દિવસ"ની ઉજવણીના ઉપક્રમે ઘનકચરા અધિનિયમ અન્વયે સુકા અને ભીના કચરાનાં વર્ગીકરણ અંગે તમામ ઝોનમાં જનજાગૃતિ રેલી તથા શપથ વિધિના કાર્યક્રમનું આયોજન માન. કમિશનરશ્રીના માર્ગદર્શન મુજબ ડે. કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) અને આરોગ્ય અધિકારીશ્રી ની સીધી દેખરેખ હેઠળ કરવામાં આવેલ હતું.

જેમાં લિંબાયતઝોન દ્વારા માં જોગણી માતા ચોકથી ગોડાદરા, મણીભદ્ર કેમ્પસ સ્થળે રેલીનું આયોજન કરવામાં આવેલ આ રેલીનું સવારે ૦૮:૩૦ કલાકે મા.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, મા.ડે.મેયરશ્રી શંકરભાઇ ચેવલી, શાસકપક્ષના નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા તેમજ સ્લમ ઇમ્પ્રુવમેન્ટ સમિતિનાં ચેરમેનશ્રી દ્વારા લીલી ઝંડી આપી રેલીનું પ્રસ્થાન કરવામાં આવેલ. મા.મ્યુ.કમિશ્નરશ્રી પણ ઉપસ્થિત રહયાં હતા.

કતારગામઝોનમાં ડભોલી સર્કલથી સીંગણપો મલ્ટીપર્પસ હોલ સુધી રેલીનું આયોજન કરવામાં આવેલ. આ રેલીનું સવારે ૦૯:૩૦ કલાકે મા.ટાઉન પ્લાનીંગનાં ચેરમેનશ્રી વિનોદભાઇ મોરડીયા તથા ઝોનનાં ઝોનલ ચીફશ્રીએ લીલી ઝંડી બતાવી રેલીનું પ્રસ્થાન કરવામાં આવેલ.

સેન્ટ્રલઝોન ખાતે ચોક બજાર મહાત્માં ગાંધીજીની પ્રતિમા થઇ ગાંધીસ્મૃતિ ભવન સુધી રેલીનું આયોજન કરવામાં આવેલ. આ રેલીનું સવારે ૦૯:૩૦ કલાકે સમાજ કલ્યાણ, આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિનાં ચેરમેન શ્રીમતી રૂપલબેન શાહ તેમજ લાઇટ અને ફાયર સમિતિનાં ચેરમેનશ્રી પિયુષકુમાર શીવશકિતવાલા દ્વારા લીલી ઝંડી બતાવી રેલીનું પ્રસ્થાન કરવામાં આવેલ. મા.મ્યુ.કમિશ્નરશ્રી પણ ઉપસ્થિત રહયાં હતા.

અઠવાઝોન ખાતે સરગમ સોપીંગ સેન્ટરથી ઉમરા કોમ્યુનીટી હોલ સુધી રેલીનું આયોજન કરવામાં આવેલ. આ રેલીનું સવારે ૦૯:૩૦ કલાકે જાહેર પરિવહન પ્રવૃતિ સમિતિનાં ચેરમેનશ્રી અનિલભાઇ ગોપલાણી તેમજ ગટર સમિતિનાં અધ્યક્ષા શ્રીમતી સુધાબેન નાહટા દ્વારા લીલી ઝંડી બતાવી રેલીનું પ્રસ્થાન કરવામાં આવેલ.

રાંદેરઝોન ખાતે જયોતિન્દ્ર દવે ગાર્ડનથી એસ.એમ.સી. ચિલ્ડ્રન હોલ સુધી રેલીનું આયોજન કરવામાં આવેલ. આ રેલીનું સવારે ૦૯:૩૦ કલાકે આરોગ્ય સમિતિનાં ચેરમેનશ્રી

અનિલભાઇ બિસ્કીટવાલા તથા હોસ્પિટલ સમિતિનાં ચેરમેનશ્રી ડો.રમણભાઇ પરમાર દ્વારા લીલી ઝંડી બતાવી રેલીનું પ્રસ્થાન કરવામાં આવેલ.

ઉધનાઝોન ખાતે ખરવરનગર જંકશનથી ઉધનાઝોન ઓફીસ સુધી રેલીનું આયોજન કરવામાં આવેલ. આ રેલીનું સવારે ૦૯:૩૦ કલાકે ધારા સભ્યશ્રી નરોત્તમભાઇ પટેલ, શાશકપક્ષના નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા તથા કાયદા સમિતિનાં ચેરમેનશ્રી નરેશભાઇ પટેલ દ્વારા લીલી ઝંડી બતાવી રેલીનું પ્રસ્થાન કરવામાં આવેલ.

વરાછાઝોન ખાતે પ્રજાપ્રતિ બ્રહમાકુમારીઝ દ્વારા જે.બી. ડાયમંડથી સૌરાષ્ટ્ર કોલોની થઇ મીની બજાર સુધી રેલીનું આયોજન કરવામાં આવેલ. આ રેલીનું સવારે ૦૭:૩૦ કલાકે મા.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, મા.કમિશ્નરશ્રીની ઉપસ્થિતિમાં લીલી ઝંડી બતાવી રેલીનું પ્રસ્થાન કરવામાં આવેલ. તેમજ વરાછાઝોન ખાતે બીજી રેલી સરથાણા જકાતનાકા, શુભમ આર્કેડ થી સરથાણા કોમ્યુનીટી હોલ સુધી રેલીનું આયોજન કરવામાં આવેલ. આ રેલીનું સવારે ૦૯:૩૦ કલાકે ઝોનનાં આસી.કમિશ્નરશ્રી તથા કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા લીલી ઝંડી બતાવી રેલીનું પ્રસ્થાન કરવામાં આવેલ.

ઉપરોકત તમામ ઝોનમાં ભીના/સુકા કચરાનાં વર્ગીકરણ અને પર્યાવરણ અંગેની રેલીમાં જુદી-જુદી સમિતિનાં ચેરમેનશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, શાળાના આચાર્ય, શિક્ષકગણ, વિધાર્થીઓ, શહેરીજનો, સ્વૈચ્છીક સંસ્થાના આગેવાનો-કાર્યકરો, વેપારી એસોસીયેશનના હોદ્દેદારો, મહાનગપાલિકાના પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા કર્મચારીગણ સહિત કુલ ૧૩૮૫૦થી વધુ વ્યકિતઓ આ રેલીમાં ઉપસ્થિત રહયાં હતા. સુરત મહાનગરપાલિકા દ્વારા "સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૧૭" સ્વચ્છતા અંગેના પ્રયત્નો તથા સુકા અને ભીના કચરાના વર્ગીકરણની કામગીરી અર્થે દરેક ઝોનમાં શ્રેષ્ઠ કામગીરી માટે સોસાયટી, શાળા/કોલેજ તેમજ મહાનગરપાલિકાના સફાઇ કર્મચારીઓને તેઓની વિશિષ્ટ કામગીરી અન્વયે જે તે ઝોનમાં પ્રમાણપત્ર અને ટ્રોફી એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

તમામ ઝોનમાં રેલીના પ્રસ્થાન અને સમાપનના સ્થળે ઉપસ્થિત રહેલ તમામને ભીનો/સુકા કચરાનાં વર્ગીકરણ અંગેની જનજાગૃતિ સમજ અને તેના સમાજલક્ષી ફાયદાઓની વિસ્તૃત સમજ પુરી પાડવામાં આવી હતી અને ત્યારબાદ હાજર રહેલ તમામને ભીનો/સુકા કચરાનાં વર્ગીકરણ માટે શપથ લેવડાવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમના ભાગરૂપે અગાઉ તા.૦૨/૦૬/૧૭ થી તા.૦૫/૦૬/૧૭ દરમ્યાન સુરત મહાનગપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા કુલ ૩૭૭૫ જેટલી સોસાયટી/સંસ્થાઓમાં ૨,૫૮,૯૪૩ જેટલા વ્યકિતઓને સુકા/ભીના કચરાનાં વર્ગીકરણની સમજ આપવામાં આવી હતી તથા તે અંગેના શપથ લેવડાવામાં આવ્યા હતા.

વધુમાં ગાંધીસ્મૃતિ ભવન ખાતે સવારે ૧૦:30 કલાકે ગુજરાત રાજયના માન. મુખ્યમંત્રીશ્રી તથા માન. નાયબ મુખ્યમંત્રીશ્રી દ્વારા "વિશ્વ પર્યાવરણ દિન" નિમિત્તે પર્યાવરણલક્ષી અને ભીના/સુકા કચરાંના વર્ગીકરણ અંગે જનજાગૃતિ પ્રવચન નું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું, ત્યારબાદ ભીના/સુકા કચરાના વર્ગીકરણની સમજ અને પ્રતિક રૂપે ભુરા અને લીલા ડસ્ટબીનનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવેલ હતું.





સુરત મહાનગરપાલિકા
(પૂર્વ ઝોન વરાછા)
''મીશન સુરત ફર્સ્ટ''
સુકો અને ભીનો કચરો
રાખો, અલગ આપો.




સુરત મહાનગરપાલિકા



**પ્રેસનોટ**

**ગાર્ડન ખાતુ**

**સુરત મહાનગરપાલિકા**

**<u>૫ મી જુન વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી.</u>**

૫ જુન "વિશ્વ પર્યાવરણ દિન" ની ઉજવણી નિમિત્તે મા.મેયરશ્રી શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાનાં પ્રમુખ સ્થાને અને ગૃહનિમાર્ણ અને ઉદ્યાન સમિતિના અધ્યક્ષ શ્રીમતી રંજનબેન સુંદરલાલ સરતાનપરા (પ્રજાપતિ)ના વરદ્ હસ્તે માન.ડે મેયરશ્રી શંકરલાલ ચેવલી, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ અને માન. નેતા શાસક પક્ષશ્રી ગિરિજાશંકર મિશ્રાના અતિથિ વિશેષ પદે માન.મ્યુ.કમિશ્નરશ્રી એમ.થેન્નારસન (આઈ.એ.એસ.), મ્યુ.સભ્યશ્રીઓ નગરજનો શાળાના વિધાર્થીઓ/શિક્ષકોના સહયોગથી કુલ ૩૮૦ નંગ વૃક્ષોના રોપાનું પ્લાન્ટેશન અને ૪૦૦ નંગ તુલસીનાં કુંડા સાથેના રોપાનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવેલ હતું. તમામ ઝોનમાં નક્કી કરેલ સ્થળેથી જે તે ઝોનમાંથી એન.જી.ઓ.સંસ્થા, શાળાઓ, હાઉસીંગ સોસાયટીઓ વિગેરેને ટેકોમા, સેવન, લીમડા, સપ્તપર્ણી, તગરી, પેલ્ટોફોરમ, તબુબીયા, અર્જુન સાદડ, કૈલાસપતિ, સુલતાન ચંપો, આસોપાલવ,ગુલમહોર, બોરસલ્લી, કચનાર, બિગનોનીયા, જાસુદ, રાતરાણી, ખાટી આમલી વિગેરે વિવિધ જાતનાં કુલ – ૧૨,૭૮૪ નંગ રોપાઓન વિના મૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે.

પર્યાવરણ ક્ષેત્રે જાગૃતિ માટે મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં ગ્રીન વોક/પર્યાવરણ રોપાનું પણ આયોજન કરવામાં આવેલ હતું. જેમા ખુબ મોટી સંખ્યામાં શાળા/કોલેજોનાં વિધાર્થી અને નગરજનોએ ભાગ લીધેલ હતો અને રેલીનાં સમાપન સ્થળોએથી વિવિધ જાતનાં છાયા વૃક્ષો/પુષ્પ વૃક્ષોનાં રોપાઓનું વિના મૂલ્યે વિતરણ પણ કરવામાં આવેલ હતું.

આ ઉપરાંત સાઉથ ઈસ્ટ ઝોન વિસ્તારમાં ડ્રા.ટી.પી.સ્કીમ નં.૪૧(ડીંડોલી), ફા.પ્લોટ નં.આર–૧૫ ખાતે શાંતીકુંજ અને ચિલ્ડ્રન પાર્ક, ઈસ્ટ ઝોનમાં ટી.પી.સ્કીમ નં.૬૪ (કુંભાલ–મગોબ), ફા.પ્લોટ નં.૧૧૩ (આર–૭) ખાતે ગાર્ડન, નોર્થ ઝોનમાં ટી.પી.સ્કીમ નં.૨૬(સિંગણપોર), ફા.પ્લોટ નં.૧૪૧ ખાતે ફ્રેગરન્સ ગાર્ડન તેમજ વેસ્ટ ઝોનમાં ટીકા નં.૦૨, નોંધ નં.૬૨ ફળીયું ખાતે શાંતીકુંજ અને ટી.પી.સ્કીમ નં.૧૩ (અડાજણ), ફા.પ્લોટ નં.૨૧૨ ખાતે શાંતીકુંજનું લોકાર્પણ મા. મેયર શ્રીમતિ અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના પ્રમુખ સ્થાને અને ગૃહનિમાર્ણ અને ઉદ્યાન સમિતિના અધ્યક્ષ શ્રીમતી રંજનબેન સરતાનપરાના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. આ બાગો તૈયાર કરવાનો ઉદેશ જાહેર જનતાના રીક્રીએશન તથા પર્યાવરણની જાળવણીનો છે, જેનો જે તે વિસ્તારની જનતા લાભ લઈ શકશે.

વધુમાં સુરત મહાનગરપાલિકા દ્વારા સુરતને વધુ હરીયાળું બનાવવા ખાનગી વિસ્તારોમાં ૦૫ મી જુનથી ૧૫ મી સપ્ટેમ્બર સુધી વૃક્ષારોપણ માટે યોજના શરૂ કરેલ છે. જેનો લાભ લેવા માટે નગરજનોએ ૫૧૯૬૯ પર **GJ<space>SMC<space>GREENSURAT** લખી **SMS** કરવાનો રહેશે. સદર યોજનાનો લાભ લેવા માટે સુ.મ.પા.ના મોબાઈલ નંબર ૫૧૯૬૯ પર **SMS** થી મળેલ સંદેશા મુજબ જે તે ઝોનમાં ખાનગી જમીનો ઉપર કોર્પોરેશન ધ્વારા વૃક્ષારોપણ કરવામાં આવશે. ત્યારબાદ કરવામાં આવેલ ટ્રી–પ્લાન્ટેશન મોટા વૃક્ષમાં પરિણમે (૧૫ થી ૨૦ ફુટની ઉંચાઈનું થાય ત્યાં સુધી) ત્યાં સુધી તેની માવજત કરવા એસ.એમ.એસ. કરનાર પાસેથી વૃક્ષો ઉછેર અને સંરક્ષણ કરવાની જવાબદારી અંગે લેખિત બાહેંધરી પત્ર લેવામાં આવશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.______
તા.૦૫-૦૬-૨૦૧૭ 0223

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા " વિશ્વ પર્યાવરણ દિન" ની ઉજવણી અંતર્ગત લિંબાયત ઝોન (પરવટ–ગોડાદરા) ખાતે આવેલ ગાર્ડન પ્લોટમાં વૃક્ષારોપણ અને વિનામુલ્યે રોપા વિતરણ કાર્યક્રમ તથા વિવિધ ઝોન વિસ્તારમાં સાકારિત વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધિ તથા મુખ્યમંત્રી ગૃહયોજના અંતર્ગત એલ.આઈ.જી.સ્કીમનાં ૧૧૭ આવાસો અને ઈ.ડબલ્યુ.એસ.સ્કીમના ૧૧ આવાસો મળી કુલ ૧૨૮ આવાસોનો કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો તા.૦૫/૦૬/૨૦૧૭ના રોજ માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયાના પ્રમુખ સ્થાને તથા ઉદ્ઘાટક માન.અધ્યક્ષા, ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ શ્રીમતી રંજનબેન સુંદરલાલ સરતાનપરા (પ્રજાપતિ), માન.અધ્યક્ષ,જાહેર બાંધકામ સમિતિ શ્રી સુભાષભાઈ પાટીલ, માન.અધ્યક્ષ આરોગ્ય સમિતિ શ્રી અનિલભાઈ બિસ્કીટવાલા, માન.અધ્યક્ષા સમાજ કલ્યાણ,આંનદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ શ્રીમતી રૂપલબેન શાહ , માન.અધ્યક્ષા, સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિ શ્રીમતી રમીલાબેન પટેલના વરદ્હસ્તે કરવામાં આવેલ.

વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે વિવિધ ઝોન વિસ્તારમાં રૂા.૩૦.૬૦ કરોડના ખર્ચે સાકારિત વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ કરવામાં આવેલ.

લિંબાયત ઝોન વિસ્તારમાં વૃક્ષારોપણ અને વિનામુલ્યે રોપા વિતરણ કાર્યક્રમ સાથે શાંતિકુંજ અને ચિલ્ડ્રન પાર્કનું લોકાર્પણ સુભાષનગર ખાતે કોમ્યુનિટી હોલ તથા પરવત ખાતે કોમ્યુનિટી હોલનું લોકાર્પણ થવાથી આ વિસ્તારમાં કોમ્યુનીટી હોલ બનાવવાથી આજુ બાજુના વિસ્તારમાં રહેતા લોકો લગ્ન પ્રસંગ, રીસેપ્શન જેવા અનેક સામાજીક પ્રસંગો માટે સદર કોમ્યુનીટી હોલ ઉપયોગી થઈ શકે તેમ છે.

વરાછા ઝોન વિસ્તારમાં લેન્ડમાર્ક ટેક્ષટાઈલ માર્કેટ પાછળ,મોર્ડન ટાઉનશીપ પાસે, ગાર્ડનનું લોકાર્પણ કરવામાં આવેલ.

કતારગામ ઝોન વિસ્તારમાં સીંગણપોર ખાતે ગાર્ડનનું લોકાર્પણ થતા આનંદ પ્રમોદનું સાધન તથા ઉત્રાણ–કોસાડ ખાતે પ્રાથમિક શાળાની લોકાર્પણવિધિ થવાથી ઉત્રાણ અને કોસાડ તેમજ આજુ બાજુનાં વિસ્તારમાં રહેનાર બાળકોને પ્રાથમિક શિક્ષણ જેવી પાયાની જરૂરીયાત નજીકમાં જ સરળતાથી ઉપલબ્ધ થઈ શકશે તથા વિધાર્થીઓને કોમ્પ્યુટર શિક્ષણ, સાંસ્કૃતિક પ્રવૃતિઓ માટે વિશાળ હોલ જેવી સુવિધાઓ પણ પ્રાપ્ત થશે.

રાંદેર ઝોન વિસ્તારમાં દિવાળી બાગ નજીક સ્કૂલ બિલ્ડીંગના નિર્માણથી આજુબાજુના વિસ્તારના બાળકોને શિક્ષણની સુવિધા પ્રાપ્ત થશે. સી.કે.પટેલ સ્કૂલ તથા પ્રથમ રો–હાઉસની સામે શાંતિકુંજના નિર્માણથી આજુબાજુના વિસ્તારના બાળકો,વરિષ્ઠ નાગરિકોને હરવા–ફરવાની સુવિધા મળી રહેશ,રાંદેર ઝોન વિસ્તારમાં બે આંગણવાડી,બે યુ.સી.ડી.સેન્ટર તથા પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકનું લોકાર્પણ કરવામાં આવેલ

રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ અંતર્ગત તાપી નદીના પશ્ચિમ કિનારે નહેરૂ બ્રીજની આજુબાજુના બાકી રહેલ ભાગને ડેવલપ કરી લોકાર્પણ કરવામાં આવ્યું છે.જેમાં પબ્લીક પ્લાઝા, વોક–વે, પાર્કિંગ, જોગીંગ ટ્રેક,પ્રદર્શન વિસ્તાર/ફન –મેળા વિસ્તાર જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.આ ડેવલપમેન્ટ થવાથી સુરત શહેરના તમામ નાગરિકો મનોરંજન માટે તેનો ઉપયોગ કરી શકશે.

ગાંધીસ્મૃતિ ભવન ખાતે મુખ્યમંત્રી ગૃહયોજના અંતર્ગત એલ.આઈ.જી.સ્કીમના ૧૧૭ આવાસો અને ઈ.ડબલ્યુ.એસ. સ્કીમના ૧૧ આવાસો મળી કુલ ૧૨૮ આવાસોનો કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો સંપન્ન કરવામાં આવેલ

આવાસના લાભાર્થીઓને પ્રતિકાત્મકરૂપે ભીનો અને સુકો કચરોના વર્ગીકરણ માટે ડસ્ટબીન આપવામાં આવેલ હતી.

માન.ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી, માન.અધ્યક્ષ સ્થાયી સમિતિ શ્રી રાજેશભાઈ દેસાઈ, માન.નેતા,શાસકપક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા,ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીઓ ,કર્મચારીઓ ,પ્રેસ, મીડીયા તથા ખુબ મોટી સંખ્યામાં જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,
સમાચાર યાદી નં.૨૨૪
તા.૦૫/૦૬/૨૦૧૭












નિમિત્તે બાગોની લોકાર્પણ વિધિ, વૃક્ષારોપણ
વિનામૂલ્યે રોપા વિતરણ કાર્યક્રમ



## <u>સુરત મહાનગરપાલિકા</u>

## <u>યુ.સી.ડી. વિભાગ</u>

## <u>અખબારી યાદી</u>

**સુરત મહાનગરપાલિકા ઉધના ઝોન વિસ્તારમાં તા. ૦૫/૦૬/૨૦૧૭ ના રોજ યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમની કામગીરીની વિગત.**

**વિષય :** તા. ૦૫/૦૬/૨૦૧૭ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક પાંડેસરા કોમ્યુનીટી હોલ પાંડેસરા હાઉસિંગ બોર્ડ શાકભાજી માર્કેટ અને અર્બન હેલ્થ સેન્ટરની પાસે પાંડેસરા સુરત ખાતે યોજાયેલ સેવાસેતુની વિગત

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોક ઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તા. ૦૫/૦૬/૨૦૧૭ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન પાંડેસરા કોમ્યુનીટી હોલ પાંડેસરા હાઉસિંગ બોર્ડ શાકભાજી માર્કેટ અને અર્બન હેલ્થ સેન્ટરની પાસે પાંડેસરા સુરત ખાતે સુરત મહાનગરપાલીકા દ્વારા સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ.

જેમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. કાર્યક્રમમાં કોર્પોરેટરશ્રી નરેશભાઇ પટેલ એ આવકાર પ્રવચન કરતા જણાવ્યુ હતુ કે સરકારની યોજનાઓને સામાન્ય લોકો સુધી પહોચાડવાની સેવા એટલે સેવાસેતુ.સેવાસેતુ થકી જન્મથી મરણ સુધી વિવિધ સેવાઓ એક જ સ્થળે અને લોકોને તેના જ વિસ્તારમાં સેવા પુરી પાડવામાં આવી છે. શાસક પક્ષના નેતાશ્રી ગીરજાશંકર મિશ્રાએ પ્રાસંગીક ઉદબોધન કરતા જણાવ્યુ હતુ કે ભારતમા સેવાસેતુનું આ અનોખુ કાર્ય માત્રને માત્ર ગુજરાતમા જ થાય છે.સોસાયટીમા સંપર્ક કરી સગાસંબધી ,પાડોશી પણ સેવાસેતુ લાભ લે તેમ જણાવેલ. ઉધના વિધાનસભા ધારાસભ્ય શ્રી નરોતમભાઇ પટેલ એ પ્રાસંગીક ઉદબોધન કરતા જણાવ્યુ હતુ કે સેવાસેતુ કાર્યક્રમ એક નવી શોધ છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા પહેલા વોર્ડ વાઇઝ સેવા સેતુ અને હમણા વિધાનસભા વાઇઝ સેવાસેતુ કરવામા અવી રહ્યા છે.સેવાસેતુ થકી લોકોને વિવિધ પ્રમાણપત્ર મેળવવા આખો દિવસ ન બગાડતા બે ત્રણ કલાકમાં એક જ સ્થળે અને લોકોને તેના જ વિસ્તારમાં સેવા પુરી પાડવામાં આવી છે

આ સેવાસેતુ કાર્યક્રમમાં  મા.ડે. કમિશનરશ્રી એમ નાગરાજન , ચેરમેનશ્રી - ગુ.હા.બોર્ડ શ્રી વિવેકભાઈ , કોર્પોરેટરશ્રી, છોટુભાઈ પાટીલ, કોર્પોરેટરશ્રડો. ડી. એમ. વાનખેડે, કોર્પોરેટરશ્રી સુરેશભાઈ કણસાગરા, કોર્પોરેટરશ્રી  શ્રીમતી રોહીનીબેન પાટીલ, કોર્પોરેટરશ્રી શ્રીમતી ઉજ્જવલાબેન નીકમ,કોર્પોરેટરશ્રી સોમનાથભાઈ મરાઠે, કોર્પોરેટરશ્રી શ્રીમતી કિરણકુંવર ભાટી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ  અધ્યક્ષશ્રી હસમુખભાઈ પટેલ તેમજ મ્યુ. સદસ્યશ્રીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

મ્યુ. કોર્પોરેટરશ્રી  પૂર્ણિમાબેન દાવલે એ આભારવિધી કરતા જણાવ્યું હતુ કે સામાન્ય લોકોને જાણકારીના અભાવે વિવિધ દાખલાઓ મેળવવા મુશ્કેલ પડે છે.લોકોની સમસ્યા દુર કરવા તેમના જ વિસ્તારમાં તેમને યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે તેવો સરકારશ્રીનો આ પ્રયાસ ખુબ જ સરાહનીય છે.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ  વગેરે દ્વારા કુલ ૫૬ ટેબલ અને ૧૫ કાઉન્ટર ગોઠવી જેમાં દિવસ દરમ્યાન  કુલ  ૨૦૪૬  લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., માં વાત્સલ્ય કાર્ડ, માં અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એક જ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર,<br>
સમાચાર યાદિ નં. 225<br>
તા. ૦૫/૦૬/૨૦૧૭





"વિશ્વ પર્યાવરણ દિવસ" નિમિત્તે તા.૦૧/૦૬/૧૭નાં રોજ ધાર્મિક સ્થળો/વેજીટેબલ માર્કેટ અને સોસાયટીઓમાં ઘન કચરાનાં વર્ગીકરણ કરાવવા અંગેનાં શપથ લેવડાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને-૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત કરવામાં આવનાર છે.

માહે એપ્રિલ ૨૦૧૭ની તા.૦૫/૦૬/૧૭નાં રોજ "વિશ્વ પર્યાવરણ દિવસ" નિમિત્તે સરકારશ્રી દ્વારા તા.૦૧/૦૬/૧૭નાં રોજ ધાર્મિક સ્થળો/વેજીટેબલ માર્કેટ અને સોસાયટીઓમાં ઘન કચરાનાં વર્ગીકરણ કરાવવા અંગેનાં શપથ લેવડાવવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૧/૦૬/૧૭નાં રોજ કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ આરોગ્ય અધિકારીશ્રી દ્વારા આરોગ્ય/ઈજનેર, સુપરવાઈઝર સ્ટાફ ઝોનમાં આવેલ સોસાયટીનાં પ્રમુખ/સેક્રેટરી, માર્કેટ/ધાર્મિક સ્થળોનાં વહીવટકર્તાઓની વિગેરેની સંયુક્ત ટીમો બનાવી નિયત કરેલ સોસાયટી, વેજીટેબલ માર્કેટ તેમજ ધાર્મિક સ્થળોએ સોસાયટીનાં સભ્યો, માર્કેટનાં વેપારીઓ અને પ્રજાજનોને એકત્રિત કરી ઉપરોક્ત ટીમ દ્વારા "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સુરતને ગંદકીમાંથી મુક્ત કરી "સ્વચ્છ સુરત-સ્વસ્થ સુરત" રાખવા તેમજ દરેકનાં ઘરો/ધંધા અર્થેની જગ્યાએ તેમજ મંદિર/મસ્જિદમાંથી નીકળતો ઘન કચરાનું વર્ગીકરણ કરાવી ભીનો/સુકો કચરાને અલગ-અલગ ડસ્ટબીનમાં રાખવા તેમજ સુરત મહાનગરપાલિકાની આરોગ્યલક્ષી કામગીરીમાં સાથ સહકાર આપવા બાબતે શપથ લેવડાવવાની કાર્યવાહી કરવામાં આવેલ.

| ઝોનમાં શપથ લેવડાવવામાં આવેલ સ્થળો | કામગીરીમાં ભાગ લેનાર સ્ટાફ | | શપથ વિધિમાં ભાગ લેનાર |
|---|---|---|---|
| | મ્યુ.સભ્યશ્રી/પદાધિકારી | સુપરવાઈઝર | ઘંઘાર્થી/મંદિર/મસ્જિદ/વહીવટકર્તા પ્રજાજનો |
| ૨૭ | ૫૮ | ૭૨ | ૧૦૯૩ |

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

:::::::::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 0226
તા.૦૬/૦૬/૨૦૧૭
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

**''વિશ્વ પર્યાવરણ દિવસ''** નિમિત્તે તા.૦૨/૦૬/૧૭નાં રોજ કોમર્શીયલ કોમ્પલેક્ષ, શાકમાર્કેટો તથા સંસ્થાઓ, દુકાનોમાં પ્રતિબંધિત પ્લાસ્ટીકનું ચેકિંગ કરી પ્લાસ્ટીક જપ્ત કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા

## જાહેર આરોગ્યવિભાગ

## સ્વચ્છ ભારત અભિયાન

## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને-૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત કરવામાં આવનાર છે.

માહે એપ્રિલ ૨૦૧૭ની તા.૦૫/૦૬/૧૭નાં રોજ **''વિશ્વ પર્યાવરણ દિવસ''** નિમિત્તે સરકારશ્રી દ્વારા તા.૦૨/૦૬/૧૭નાં રોજ કોમર્શીયલ કોમ્પલેક્ષ, શાકમાર્કેટો તથા સંસ્થાઓ, દુકાનોમાં પ્રતિબંધિત પ્લાસ્ટીકનું ચેકિંગ કરી પ્લાસ્ટીક જપ્ત કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૨/૦૬/૧૭નાં રોજ નાયબ આરોગ્ય અધિકારીશ્રી દ્વારા આરોગ્ય વિભાગની સંયુક્ત ટીમ દ્વારા ઝોનમાં આવેલ કોમર્શીયલ કોમ્પલેક્ષ, શાકમાર્કેટ તથા સંસ્થાઓની દુકાનોમાં પ્રતિબંધિત પ્લાસ્ટીક બાબતે ઘનિષ્ઠ ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. જેમાં જે સંસ્થાઓ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટીકનો ઉપયોગકર્તા માલુમ પડેલ હોય તેવી સંસ્થાઓમાંથી પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી સંસ્થા/વહીવટકર્તાઓને નોટીસ પાઠવી વહીવટી ચાર્જ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

| ચેક કરેલ સંસ્થા | જપ્ત કરેલ પ્લાસ્ટીક | નોટીસ | ઈસમ | વહીવટી ખર્ચ |
|---|---|---|---|---|
| ૨૬૪ | ૯૬.૫૫ કિલો | ૭૯ | ૧૧૭ | ૩૨,૮૫૦ |

વધુમાં આ ટીમો દ્વારા કોમર્શીયલ કોમ્પલેક્ષ, શાકમાર્કેટ તથા સંસ્થાઓની દુકાનોની આજુબાજુ રહેતા નાગરીકોને સ્વચ્છતા રાખવા તેમજ કચરાનું વર્ગીકરણ કરી ભીનો/સુકો કચરો અલગ અલગ ડસ્ટબીનમાં રાખવા માટેનું આરોગ્યલક્ષી શિક્ષણ/સમજ આપવામાં આવેલ હતી.

**''સ્વચ્છ ભારત મિશન''** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

સમાચાર યાદી નં. 0227
તા.૦૬/૦૬/૨૦૧૭
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

**"વિશ્વ પર્યાવરણ દિવસ"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૦૩/૦૬/૧૭નાં રોજ ડ્રાય ડે મચ્છર નાશકની કામગીરી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા

## જાહેર આરોગ્યવિભાગ

## સ્વચ્છ ભારત અભિયાન

## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને-૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, 'સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૦૫/૦૬/૧૭નાં રોજ **"વિશ્વ પર્યાવરણ દિવસ"** નિમિતે તા.૦૩/૦૬/૧૭ નાં રોજ મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય ત્યાં ડ્રાય ડેની કામગીરી કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૩/૦૬/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં આવેલ વી.બી.ડી.સી./ આરોગ્યનો સ્ટાફ તેમજ NGOનાં પ્રતિનિધિઓની સંયુક્ત ટીમો બનાવી મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય તે વિસ્તારમાં મહાસફાઈ અભિયાન તથા મચ્છરજન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટીકની કામગીરી કરાવી ઉત્પતિ સ્થાનો શોધી મચ્છરનો નાશ કરવાની કામગીરી કર્યા બાદ જંતુનાશક દવા/પાઉડરનો છંટકાવ કરવામાં આવેલ હતો.

| સર્વે કરેલ ઘર | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટ | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટ | ડ્રાય કરેલ પાત્રો | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઇસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૪,૯૫૨ | ૮૯,૮૬૬ | ૩૨૧ | ૧૧,૭૭૫ | ૧૨૬૯ | ૧૮૯૭ | ૧૩૦ | ૩૪,૫૦૦ | ૬૨ | ૩૬,૮૬૭ | ૨૧,૨૧૯ |

વધુમાં પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાંકણ વડે બંધ કરાવી સદર સ્થળે વસવાટ કરતાઓને તે અંગેની સમજ/સુચના આપવામાં આવી તેમજ તેઓને સ્વચ્છતા/મચ્છરનાં ઉત્પત્તિ સ્થાન અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"**અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

:::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 0228

તા.૦૬/૦૬/૨૦૧૭

સુરત મહાનગરપાલિકા તરફથી જાહેર

:: પ્રેસનોટ ::

૫ જૂન "વિશ્વ પર્યાવરણ દિન" ઉજવણી નિમિત્તે "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરિત
સુરત મહાનગરપાલિકા સંચાલિત પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કોમ્પીટીશન

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા પરફોર્મીંગ આર્ટ સેન્ટર ખાતે તા.૦૫/૦૬/૨૦૧૭ના રોજ ૫ જૂન "વિશ્વ પર્યાવરણ દિન" ઉજવણી નિમિત્તે "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરિત સુરત મહાનગરપાલિકા સંચાલિત પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કોમ્પીટીશન

સુરત મહાનગરપાલિકા દ્વારા ૫ જૂન "વિશ્વ પર્યાવરણ દિન" ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા પર્યાવરણ જાળવણી સંદર્ભે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કોમ્પીટીશનનું આયોજન તા.૦૫/૦૬/૨૦૧૭ના રોજ બપોરે ૩.૦૦ કલાકે અને ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન સાંજે ૬.૦૦ કલાકે પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત ખાતે કરવામાં આવેલ હતું.

સુર્યપુર રત્ન એવોર્ડ વિજેતા શ્રી નિમેષભાઈ વશી અને રામકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટના શ્રી ગોવિંદભાઈ ધોળકિયા તરફથી સુરતને "ચોખ્ખું અને હરિયાળું" બનાવવા માટે મળેલ અનુદાનના વ્યાજમાંથી "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરિત સુરત મહાનગરપાલિકા સંચાલિત પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કોમ્પીટીશન યોજવામાં આવી હતી. શહેરના બાળકો અને નગરજનોમાં પર્યાવરણની જાળવણી અને તેને લગતા વિષયો બાબતે જાણકારી વધે તે હેતુસર તા.૦૫/૦૬/૨૦૧૭ના રોજ બપોરે ૩.૦૦ કલાકે પરફોર્મીંગ આર્ટ સેન્ટર ખાતે યોજાયેલ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કોમ્પીટીશનમાં સ્પર્ધકોએ જળ એજ જીવન, માય સીટી ગ્રીન સીટી, લોકોને કુદરત સાથે જોડીએ વિષય પર પ્રેઝન્ટેશન રજૂ કર્યુ હતું. જેનું પરિણામ નીચે મુજબ છે.

| વિજેતા | નામ |
|---|---|
| પ્રથમ | પ્રિયંકા જરીવાલા |
| દ્વિતીય | હિમાંશુ જાની |
| તૃતીય | રામસ્નેહી સિધ્ધિ રાજુભાઈ |

આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોને પાર્ટીસીપન્ટ ગીફ્ટ તથા રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. જયારે વિજેતાઓને મા.મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રૂપલબેન શાહ, લાઈટ અને ફાયર સમિતિના અધ્યક્ષશ્રી પિયુષકુમાર જરીવાલા, ડ્રેનેજ સમિતિના અધ્યક્ષાશ્રીમતી સુધાબેન નાહતા અને સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના અધ્યક્ષાશ્રીમતી રમીલાબેન પટેલના વરદહસ્તે વિજેતા પ્રમાણપત્ર, ટ્રોફી અને રોકડ પુરસ્કાર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

'વિશ્વ પર્યાવરણ દિન'ની ઉજવણી પ્રસંગે યોજાયેલ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કોમ્પીટીશનના સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, અધિકારીગણ, વિવિધ ચેનલના પ્રતિનિધિઓ, ફોટોગ્રાફરો, કલાપ્રેમી સહીત પર્યાવરણ પ્રેમી નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સમાચાર યાદી નં. 0229, તા.૦૬/૦૬/૨૦૧૭. જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

5 JUNE 2017 5/1/2017 5:21:15 PM



૫ જૂન "વિશ્વ પર્યાવરણ દિન" ઉજવણી નિમિતે "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરિત સુરત મહાનગરપાલિકા સંચાલિત પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સ્પર્ધાના વિજેતાને પુરસ્કૃત કરતા માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ,સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ તથા અન્ય મહાનુભાવો દ્રશ્યમાન છે.

**:: પ્રેસનોટ ::**

સુરત મહાનગરપાલિકા આયોજીત "સમર કેમ્પ"નો સમાપન સમારોહ

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૫/૦૬/૨૦૧૭ના રોજ પરફોર્મીંગ આર્ટ સેન્ટર ખાતે યોજાયેલ "સમર કેમ્પ"નો સમાપન સમારોહ

સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત સમર કેમ્પ અંતર્ગત શોર્ટ ફિલ્મ મેકીંગ કેમ્પ, બાળનાટ્ય શિબિર, નાટ્ય શિબિર તથા વેસ્ટર્ન ડાન્સ સહિતના વિવિધ કોર્ષનો સમાપન સમારોહ પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત ખાતે યોજાયો હતો.

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના બાળકો અને કલાકારોમાં રહેલી કલાક્ષેત્રની સુષુપ્ત શકિતને બહાર લાવી તેઓની સર્જનશીલતાને વેગ આપવા તા.૧૦/૦૫/૨૦૧૭ થી તા.૦૫/૦૬/૨૦૧૭ દરમ્યાન એ.વી.રૂમ, નર્મદ લાયબ્રેરી અને તા.૧૫/૦૫/૧૭ થી તા.૦૫/૦૬/૧૭ દરમ્યાન પરફોર્મીંગ આર્ટ સેન્ટર ખાતે "સમરકેમ્પ"નું આયોજન કરવામાં આવ્યું હતું. નાટ્ય જગત અને નૃત્ય કલાક્ષેત્રના તજજ્ઞો શ્રી મેહુલ શર્મા, શ્રી નરેશભાઈ કાપડીયા, શ્રી પંકજભાઈ પાઠકજી, શ્રી શૈલેન્દ્ર વડનેરે, શ્રી કિન્નરીબેન ભટ્ટ, નૃત્ય ક્ષેત્રે શ્રી સંજયભાઈ પરમારના વિશાળ અનુભવનો લાભ ૧૬૬ જેટલા શિબિરાર્થીઓએ શોર્ટ ફિલ્મ મેકીંગ, બાળનાટ્ય શિબિર, નાટ્ય શિબિર તથા વેસ્ટર્ન ડાન્સ સહિતના વિવિધ કોર્ષની ઉત્સાહથી તાલીમ મેળવી હતી.

તા.૦૫/૦૬/૨૦૧૭ના રોજ યોજાયેલ સમરકેમ્પના સમાપન સમારોહની શરૂઆત વેલકમ સોંગથી કરવામાં આવી હતી તથા બાળકો દ્વારા નાટકની રજુઆત કરવામાં આવી હતી. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોનું બુકથી સ્વાગત કરવામાં આવ્યું હતું. સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રૂપલબેન શાહએ સૌને આવકારતા નાટ્ય જગત અને નૃત્યકલા ક્ષેત્રના તજજ્ઞોના સહયોગથી સફળતાપૂર્વક યોજાયેલ સમરકેમ્પ અંતર્ગત બાળકોમાં રહેલી શકિત બહાર આવે, તેઓને પ્લેટફોર્મ મળે તેવી મનસા સેવી હતી. સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈએ પ્રાસંગિક ઉદબોધનમાં સુરત મહાનગરપાલિકા કલાકારોને કૌશલ્ય દર્શાવવા ઉત્તમ પ્રયત્નો કરે છે અને કલાકારોના વખાણ કર્યા હતા. માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયાએ સમર કેમ્પના ચીફ કો ઓર્ડિનેટરશ્રી અને વાલીઓનો આભાર વ્યકત કરતા જણાવ્યું હતું કે શહેરના સામાન્ય વર્ગમાંથી આવતા પ્રતિભાવાન બાળકો કે જે કલા ગુરૂઓ સુધી પહોંચી નથી શકતા તેઓ આ સમરકેમ્પના માધ્યમથી શહેરના નાટ્ય જગત અને નૃત્યકલા ક્ષેત્રના તજજ્ઞોનો મહત્તમ લાભ મેળવી આગળ પ્રગતિશીલ બને તેવી ખેવના વ્યકત કરી હતી. ત્યારબાદ આ સમરકેમ્પમાં તાલીમ આપેલ શિબિરાર્થીઓના ચીફ કો ઓર્ડિનેટરશ્રીનું ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે બુકથી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ભાગ લીધેલ તમામ શિબિરાર્થીઓને ઉપસ્થિત તમામ મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ નવોદિત કલાકારોએ વેસ્ટર્ન ડાન્સ, બાળનાટક તથા હાલની રાજકીય પરિસ્થિતિ, મૂળભૂત હકો અને માનવીય પરિસ્થિતિને રજૂ થતું નાટક "ટુ બી ઓર નોટ ટુ બી" નાટકમાં ઉત્કૃષ્ઠ અભિનય અને નૃત્યકલા પ્રદર્શિત કરી પ્રેક્ષાગારમાં ઉપસ્થિત તમામ કલાપ્રેમી નગરજનોના દીલ જીતી લીધાં

શહેરની ઉભરતી પ્રતિભા સમાન સમરકેમ્પના શિબિરાર્થીઓ દ્વારા રજૂ થયેલ કલા કૌશલ્ય સભર નાટક અને નૃત્યોને માણવા સાથે નવોદિત કલાકારોને પ્રોત્સાહિત કરવા વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, અધિકારીગણ, વિવિધ ચેનલના પ્રતિનિધિઓ, ફોટોગ્રાફરો, કલાપ્રેમી સહીત પર્યાવરણ પ્રેમી નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સમાચાર યાદી નં. 0230 , તા.૦૬/૦૬/૨૦૧૭. જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.



સુરત મહાનગરપાલિકાદ્વારા તા.૦૫/૦૬/૨૦૧૭ના રોજ પરફોર્મીંગ આર્ટ સેન્ટર ખાતે યોજાયેલ 'સમરકેમ્પ'ના સમાપન સમારોહમાં નાટક રજુ કરતા બાળ નાટ્ય શિબિરના શિબિરાર્થીઓ દ્રશ્યમાન છે.

૨૩૧

# <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સ્થિત આર્ટગેલેરીના ભોંયતળિયે ચાંપાનેર–પાવાગઢ આર્કિઓલોજીકલ પાર્ક (યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ) પર આધારિત 'હેરિટેજ પ્રદર્શન'નું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રદર્શનનું ઉદ્દઘાટન મા.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયાના વરદ હસ્તે તા.૦૭/૦૬/૨૦૧૭ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે થનાર છે.

આ પ્રદર્શન મુખ્યત્વે પાંચ ભાગમાં વહેંચાયેલું છે, જે નીચે મુજબ છે :

૧. ચાંપાનેર–પાવાગઢમાં આવેલ ઐતિહાસીક ધરાહરોની સ્થાપત્યકલાનું દસ્તાવેજી કરણ.

૨. ચાંપાનેર–પાવાગઢ સાથે સંકાળાયેલા લોકવાયકા અને લોકનાયકોની વાર્તાઓ તથા તેના આધારે જયદેવ ઠાકુરે બનાવેલ ચિત્રોની પેનલ્સ.

૩. બ્રિટીશ લાયબ્રેરી યુ.કે. થી મેળવેલ ચાંપાનેર – પાવાગઢના ઐતિહાસીક ચિત્રોની પ્રતિકૃતિઓ (હેરિટેજ ટ્રસ્ટ વડોદરાના અનુદાનમાંથી)

૪. બ્રિટીશ લાયબ્રેરી યુ.કે. થી મેળવેલ ચાંપાનેર – પાવાગઢના ઐતિહાસીક ફોટોગ્રાફસની પ્રતિકૃતિઓ (હેરિટેજ ટ્રસ્ટ, વડોદરાના અનુદાનમાંથી)

૫. ચાંપાનેર–પાવાગઢના સમકાલીન ફોટોગ્રાફસ. (રાહુલ ગજ્જર દ્વારા)

સદર પ્રદર્શન સુરત શહેર સ્થિત સંસ્થા 'પીપલ ફોર હેરિટેજ કન્સર્ન'ના ડાયરેકટર ડો.સોનલ મિથલ તથા પ્રિન્સીપલ કન્ઝર્વેશન આર્કિટેકટ સુમેશ મોદીના સહકારથી અત્રે આયોજિત કરવામાં આવેલ છે. આ સંસ્થા ચાંપાનેર–પાવાગઢના દસ્તાવેજીકરણના કાર્યથી માંડીને તેને વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે મળેલ માન્યતા સુધીની સફરમાં જોડાયેલ હતી.

આ પ્રદર્શન જાહેર જનતા વિના મૂલ્યે તા.૦૭/૦૬/૨૦૧૭થી તા.૧૪/૦૬/૨૦૧૭ સુધી નીચેના સમયે નિહાળી શકશે.

પ્રદર્શનનો સમય :

તા.૦૭ થી ૦૯, ૧૩ થી ૧૪ જૂન સુધી સવારે ૦૯:૩૦ થી ૦૪:૩૦ સુધી

તા.૧૧ જૂન, ૨૦૧૭ના રોજ સવારે ૧૧:૩૦ થી ૦૬:૩૦ સુધી

તા.૧૦ અને ૧૨ જૂન ૨૦૧૭ના રોજ પ્રદર્શન બંધ રહેશે.

# અખબારી યાદી

સુરત :– ૫–જુન પર્યાવરણ દિવસથી સુરત મહાનગરપાલિકા દ્વારા સુકો ભીનો કચરો અલગ કરવાનું અભિયાન શરૂ થયેલ છે. જે અંતર્ગત તમામ શહેરીજનો સુધી આ વાત પહોંચે તે માટે અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જે મુજબ આજ રોજ લિંબાયત ઝોનના મિઠીખાડી વિસ્તારમાં આવેલ ગુજરાત સ્લમ બોર્ડના ચોગાનમાં, ન.પ્રા.શિક્ષણ સમિતિની ઉર્દુ શાળા, લિંબાયત વિસ્તારમાં આવેલ પદમાવતી સોસાયટી, ઈદગાહ રોડ તથા મદીના મસ્જીદ પાસે, ઉધનાયાર્ડ વિસ્તારમાં આવેલ નવાનગર, જવાહર મહોલ્લા તથા જવાહર મહોલ્લામાં આવેલ ન.પ્રા.શિક્ષણ સમિતિની શાળામાં, મોટી સંખ્યામાં શહેરી જનો, શાળાના શિક્ષકો તથા વિદ્યાર્થીઓને એકત્ર કરીને સુકા–ભીના ઘન કચરાનું વર્ગીકરણ કરી અલગ–અલગ કચરાના ડબ્બાઓમાં ભેગો કરીને, ડોર–ટુ–ડોરના વાહનમાં નિકાલ કરવા માટે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. લિંબાયત ઝોનના ઝોનલ ચીફ શ્રી સી.વાય.ભટ્ટ સાહેબની સુચના અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.એ.પી.ભટ્ટના માર્ગદર્શન હેઠળ, મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી એમ.એ.શેખ, આરોગ્ય નિરીક્ષકો અને મદદનીશ આરોગ્ય નિરીક્ષકોની જુદી–જુદી ત્રણ ટીમોએ આ કાર્યક્રમો કર્યા હતા.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નંબર :– ...........
તા.૦૭/૦૬/૨૦૧૭ 0232

# <u>પ્રેસનોટ</u>

આપણા માન. પ્રધાનમંત્રીશ્રી દ્વારા સન.૨૦૨૨ સુધી ભારતના દરેક નાગરીકને પોતાના ઘરનું ઘર મળી રહે તેવુ સપનું હોય, અને તે અંતર્ગત હાઉસીંગ ફોર ઓલ–૨૦૨૨ ની યોજના જુન–૨૦૧૫ થી અમલીકરણ શરૂ કરવામાં આવેલ છે. સદરહુ યોજનાના કુલ–૦૪ ઘટકો પૈકી એક ઘટક "In Situ Slum Redevelopment" એટલે કે જાહેર જમીનો પર આવેલ ઝુંપડપટ્ટીઓને તેજ સ્થળ પર પાકા મકાનો બનાવી તમામ પાયાની સુવિધાઓ સહિત વિના મુલ્યે મકાનો PPP ધોરણે બનાવી ફાળવી આપવાના છે. તે મુજબ સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના લિંબાયત વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં.૦૭ (આંજણા) વિસ્તારમાં આવેલ ૧૩ (તેર) ઝુંપડપટ્ટીઓ રાજય સરકારના ગેજેટમાં નોટીફાઈડ કરાવી ૦૫ (પાંચ) પેકેજ બનાવી જાહેર ટેન્ડરો મંગાવવામાં આવેલ. સદરહુ ઝુંપડપટ્ટીમાં અંદાજે ૧૦,૨૦૦ ઝુંપડાઓ છે અને તે બાબતનો DPR પણ સરકારશ્રીમાં મંજુર કરાવેલ.

સદર યોજના હેઠળના ટેન્ડર સ્વીકારવા કે તે અંગે નિર્ણયો લેવા સરકારશ્રી દ્વારા નિર્દિષ્ટ કર્યા મુજબ સુરત મહાનગરપાલિકા દ્વારા ૦૯ (નવ) સભ્યોની સત્તામંડળની રચના કરવામાં આવેલ.

તા. ૩૦/૦૫/૨૦૧૭ ની સત્તામંડળની મીટીંગમાં પેકેજ–૨ એટલે કે આંજણા વિસ્તારની અનવરનગર અને આંબેડકરનગર ઝુંપડપટ્ટી તેમજ પેકેજ–૪ એટલે કે આંજણા–ભાઠેના વિસ્તારની હળપતિવાસ અને ખ્વાજાનગરની ઝુંપડપટ્ટીના ૩૧૦૦ આવાસોના બાંધકામના PPP ધોરણે બનાવવાના કામોના ટેન્ડરો મંજુર કરેલ અને તા. ૦૬/૦૬/૨૦૧૭ ની સત્તામંડળની મીટીંગમાં આંજણા–ભાઠેના વિસ્તારની ઉમિયાનગર(પંચશીલનગર)ને સમાવતુ પેકેજ–૩ અને આંજણા–ભાઠેના વિસ્તારની વિવેકાનંદનગર(રઝાનગર)ને સમાવતુ પેકેજ–૫ ની ઝુંપડપટ્ટી માટે પુખ્ત ચર્ચા વિચારણા અંતે ૪૪૦૦ આવાસોના PPP ધોરણે બાંધકામના ટેન્ડર સ્વીકારવામાં આવેલ. ટુંક સમયમાં આંજણા–ભાઠેના વિસ્તારમાં આવેલ ગાંધીનગર, ચીમની ટેકરો, જુનો ડેપો અને ઈસ્લામપુરા, જવાહરનગર, નહેરૂનગર, સલીમનગર, ગોશીયા મસ્જીદને સમાવતા પેકેજ–૧ હેઠળની ઝુંપડપટ્ટી માટે કે જેમાં કોઈ વિકાસકાર દ્વારા ટેન્ડર ભરવામાં આવેલ ન હોય, તેના ટેન્ડર ફરીથી મંગાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તે મુજબ કુલ્લે ૧૦,૨૦૦ આવાસો મંજુર થયેલ DPR મુજબ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ જશે.

આમ, આગામી સમયમાં કુલ્લે ૧૦,૨૦૦ પાત્રતા ધરાવતા ઝુંપડપટ્ટીવાસીઓને આરોગ્યપ્રદ અને મૂળભુત પાયાની સુવિધાયુકત પોતાના ઘરનું ઘર મળી રહેશે. સદર કામગીરી પૂર્ણ થયેથી અંદાજે ૧૦,૨૦૦ કુટુંબોને આ રીતે પોતાનું પાકુ ઘરનું ઘર મળી રહેવાથી, તેઓ પણ પોતાનું જીવનધોરણ ઉંચુ લાવી શકશે અને આ વિસ્તાર ઝુંપડપટ્ટીમુકત અને સ્વચ્છ થશે વધુમાં જણાવવાનું કે, સદરહુ વિસ્તારમાં હાલમાં પણ માસ ટ્રાન્સપોર્ટેશનની સુવિધા ઉપલબ્ધ થઈ ગયેલ હોય આ સમગ્ર વિસ્તાર તમામ સુવિધાઓથી સંપન્ન થઈ જશે.

પ્રેસનોટ નં. 0233
તા. 1/6/17
જનસંપર્ક વિભાગ
સુરતમહાનગરપાલિકા

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સ્થિત આર્ટગેલેરીના ભોંયતળિયે ચાંપાનેર–પાવાગઢ આર્કિઓલોજીકલ પાર્ક (યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ) પર આધારિત 'હેરિટેજ પ્રદર્શન'નું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રદર્શનનું મા.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયાના વરદ હસ્તે તા.૦૭/૦૬/૨૦૧૭ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ઉદ્દઘાટન કરવામાં આવેલ જેમાં ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, નેતા શ્રીશાસકપક્ષ ગિરિજાશંકર મિશ્રા, અધ્યક્ષા, સાંસ્કૃતિક સમિતિ રૂપલબેન શાહ તેમજ વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.કમિશ્નરશ્રી, ડે.કમિશ્નરશ્રી, એડી.સીટી ઈજનેરશ્રી(સિવિલ), મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ પ્રદર્શનના સહઆયોજક શ્રી સુમેશ મોદી, સોનલ મિથલ મોદી અને નગરજનો ઉપસ્થિત રહયા હતા.

ચાંપાનેર– પાવાગઢને યુનેસ્કો દ્વારા ૨૦૦૪માં વર્લ્ડ હેરીટેજ સાઈટ તરીકે ઘોષિત કરવામાં આવેલ હતી. આ સાઈટમાં ઘણા ઉત્ખનન કર્યા વગરના પુરાતત્વીય માળખા સહિત ૧૨૦ જેટલા પુરાતત્વીય મોન્યુમેન્ટસ તથા તેમાં વર્ષોથી વસવાટ કરતા રહિશો સહિત પ્રાગઐતિહાસીક, રાજપુત અને સલ્તનત કાળના અવશેષોનો સમાવેશ થાય છે. આ પાટનગરમાં(ચાંપાનેર) આઠમી થી ચૌદમી સદીના અતિસમૃધ્ધ સ્થાપત્યકળાનો વારસાનો સમાવેશ થાય છે, જેમાં અદ્દ્ભૂત કિલ્લાઓ, મહેલ, મંદિરો, રહેઠાણના વિસ્તાર, વાવ, તળાવ, ખેતી વિષયક સંરચનાઓ દ્વારા જાણવા મળે છે. સમગ્ર વિશ્વમાં આ એકમાત્ર સપૂર્ણ તથા સ્થાયી પૂર્વ–મુઘલકાલીન ઈસ્લામીક સલ્તનતકાલીન શહેરનું ઉદાહરણ છે, જેમાં આજે પણ ઘણા પુરાતત્વીય અવશેષો જોવા મળે છે. ચાંપાનેરમાં આજે પણ લોકો ત્યાંની મસ્જિદો, મંદિરો, કિલ્લો, ગુફા વિગેરે સ્થાપત્યની દ્રષ્ટિએ પણ જોવા આવે છે. ચાંપાનેર પાવાગઢ મહાકાલીના મંદિરના લીધે પણ વધુ જાણીતું છે.

આ પ્રદર્શન મુખ્યત્વે પાંચ ભાગમાં વહેંચાયેલું છે, જે નીચે મુજબ છે :

૧. ચાંપાનેર–પાવાગઢમાં આવેલ ઐતિહાસીક ધરાહરોની સ્થાપત્યકલાનું દસ્તાવેજીકરણની ૫૭ પેનલ્સ.

૨. ચાંપાનેર–પાવાગઢ સાથે સંકાળાયેલા લોકવાયકા અને લોકનાયકોની વાર્તાઓ તથા તેના આધારે જયદેવ ઠાકુરે બનાવેલ ચિત્રોની ૩૫ પેનલ્સ.

૩. બ્રિટીશ લાયબ્રેરી યુ.કે. થી મેળવેલ ચાંપાનેર – પાવાગઢના ઐતિહાસીક ૦૫ ચિત્રોની પ્રતિકૃતિઓ (હેરિટેજ ટ્રસ્ટ વડોદરાના અનુદાનમાંથી)

૪. બ્રિટીશ લાયબ્રેરી યુ.કે. થી મેળવેલ ચાંપાનેર – પાવાગઢના ઐતિહાસીક ફોટોગ્રાફસની ૨૫ પ્રતિકૃતિઓ (હેરિટેજ ટ્રસ્ટ, વડોદરાના અનુદાનમાંથી)

૫. ચાંપાનેર–પાવાગઢના સમકાલીન ૨૧ ફોટોગ્રાફસ. (ફો.રાહુલ ગજ્જર)

સદર પ્રદર્શન સુરત શહેર સ્થિત સંસ્થા 'પીપલ ફોર હેરિટેજ કન્સર્ન'ના ડાયરેકટર ડો.સોનલ મિથલ તથા પ્રિન્સીપલ કન્ઝર્વેશન આર્કિટેકટ સુમેશ મોદીના સહકારથી અત્રે આયોજિત કરવામાં આવેલ છે. આ સંસ્થા

ચાંપાનેર–પાવાગઢના દસ્તાવેજીકરણના કાર્યથી માંડીને તેને વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે મળેલ માન્યતા સુધીની સફરમાં જોડાયેલ હતી.

આ પ્રદર્શન જાહેર જનતા વિના મૂલ્યે તા.૦૭/૦૬/૨૦૧૭થી તા.૧૪/૦૬/૨૦૧૭ સુધી નિહાળી શકશે.

પ્રદર્શનનો સમય :

તા.૦૭ થી ૦૯, ૧૩ થી ૧૪ જૂન સુધી સવારે ૦૯:૩૦ થી ૦૪:૩૦ સુધી

તા.૧૧ જૂન, ૨૦૧૭ના રોજ સવારે ૧૧:૩૦ થી ૦૬:૩૦ સુધી

તા.૧૦ અને ૧૨ જૂન ૨૦૧૭ના રોજ પ્રદર્શન બંધ રહેશે.



હેરીટેજ પ્રદર્શનનું ઉદઘાટન કરતા તથા પ્રદર્શન નિહાળતા મા.મેયરશ્રી તેમજ અન્ય મહાનુભાવો

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના મા. કમિશ્નરશ્રી, મે.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિ.) તેમજ આરોગ્ય અધિકારીશ્રીના આદેશ અને માર્ગદર્શન હેઠળ પ્રી મોન્સુનની કામગીરી અંતર્ગત રોગચાળા અટકાયતી પગલાના ભાગરૂપે પૂર્વઝોન(વરાછા) ખાતે વિવિધ ખાણી–પીણીની સંસ્થાઓમાં આરોગ્યલક્ષી ચેકીગ હાથ ધરવામાં આવે છે. વરાછા ઝોનના નાયબ આરોગ્ય અધિકારીને WhatsApp પર મળેલ ફરીયાદ ના આધારે તા.૭/૦૬/૧૭ ના રોજ , વરાછા ઝોનના નવાગામ–બી સેનીટેશન વોર્ડ વિસ્તારમાં આવેલ, ૧–ગોલ્ડન પ્લાઝા,અંકુર ચોકડી ખાતે શંકરભાઈ રામદુલારે યાદવ ની પાઈનેપલ અને મોસંબીના જયુસની દુકાનમાં ભેળસેળ કરવામા આવતુ હોય જે બાબતે આરોગ્ય વિભાગ દ્વારા સઘન ચેકીગ હાથ ધરવામા આવેલ. ચીફ એસ.આઈ/એસ.આઈ /એસ.એસ.આઈ એમ મળીને કુલ ૬ સ્ટાફ તથા ૫ કામદાર સાથે ચેકીગ હાથ ધરવામાં આવેલ.

આશરે ૫૦ કિલો મોસંબી અને ૧૦૦ કિલો પાઈનેપલ મળી કુલ ૧૫૦ કિલો જથ્થો, કે જે સડેલા અને ખુલ્લામાં રાખેલ હોય જેની ઉપર પુષ્કળ પ્રમાણમાં માખીઓ હોય તેનો જંતુનાશક દવા છાટી નાશ કરવામાં આવેલ છે. તથા આશરે પાઈનેપલ જયુસ ૧૫૦ લિટર, મોસબી જયુસ ૩૫ લિટર તથા ૪૦ મીઠુ લિટર (સ્વીટ) પાણી મળી કુલ ૨૨૫ લીટર જેટલુ લીકવીડ નાશ કરવામાં આવેલ છે. તથા ઉકત સંસ્થા વગર પરવાને ધંધો કરતી હોય તેમની પાસે થી વહિવટી પરચુરણ ખર્ચ પેટે રૂ.૨૫૦૦૦/– (એક રૂપિયા પચીસ હજાર પુરા) વસુલવામાં આવેલ છે અને સંસ્થા બંધ કરાવવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં......0..2..3 5
તા. ૦૭/૦૬/૧૭

# <u>પ્રેસનોટ</u>

**<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–**

સાઉથ ઝોન(ઉધના)ના કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના) સમાવિષ્ટ વિસ્તારમાં મોજે.ભેદવાડ, રે.સ.નં.૨૫/૧ પૈકી પ્લોટ નં.સી–૩૧, સી–૩૨ વાળી મિલકતમાં સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના સ્થળ પર ત્રીજા માળનું બાંધકામ કરવામાં આવતા સાઉથ ઝોન(ઉધના), સુરત મહાનગરપાલિકા ધ્વારા તેઓને તાકીદની નોટીસ બજાવવામાં આવેલ છે. તેમ છતાં મિલ્કતદારો ધ્વારા સ્થળ પર કરવામાં પરવાનગી વિનાનું બાંધકામ દૂર કરવામાં ન આવતા **આજ રોજ તા.૦૮/૦૬/૨૦૧૭** થી **આશરે ૬૦૦ ચો.ફૂટ માપવિસ્તારમાં** કરવામાં આવેલ આર.સી.સી. તથા ચણતરની દિવાલો સહિતનું બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. સદરહું કામગીરી દરમ્યાન પ્લોટધારકો/મિલ્કતદારો પાસેથી **વહીવટી ચાર્જ/ડિમોલીશન ડિપોઝીટ પેટે રૂા.૧,૦૦,૦૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૨૩૭

# <u>પ્રેસ નોટ</u>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં E.W.S. આવાસના હપ્તાની રૂા.૩.૧૫ લાખથી વધુની વસુલાત તથા પ્રોપર્ટી ટેક્ષના દિન–૪ માં રૂા.૧.૨૩ કરોડથી વધુની વસુલાત

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) દ્વારા લિંબાયત ઝોનમાં આવેલ ઉમરવાડા, આંજણા, કમરૂનગર વિગેરે જેવા વિસ્તારોમાં આવેલ E.W.S. આવાસના હપ્તા વસુલાતની કામગીરી તથા વેરા વસુલાતની કામગીરી પુર જોશમાં ચાલુ કરવામાં આવેલ છે. જેમાં લિંબાયત ઝોનના ડે.કમિશ્નર શ્રી સી.વાય.ભટ્ટ તથા આસી.કમિશ્નરશ્રીમતી ગાયત્રી આર.જરીવાલાના માર્ગદર્શન હેઠળ આકારણી અને વેરા વસુલાત વિભાગના સ્ટાફે તથા જમીન મિલ્કતના સ્ટાફ ધ્વારા જે કરદાતાઓના E.W.S. આવાસના હપ્તા ઘણાં લાંબા સમયથી બાકી હોય તે કરદાતાઓનો વ્યકિતગત સંપર્ક કરી બાકી હપ્તાની વસુલાતની કામગીરી કેળવી રૂા.૩.૧૫ લાખથી વધુની વસુલાત તથા આકારણી અને વેરા વસુલાતની કુલ રૂા.૧.૨૩ કરોડની વસુલાત કરેલ છે.

આવનારા દિવસોમાં સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના વિવિધ E.W.S. આવાસના કરદાતાઓને જણાવવાનું કે હપ્તા ભરપાઈ કરવામાં વિલંબ કરશે તો બાકીદારો સામે નિયમોનુસારની તમામ કાર્યવાહી પૂર્ણ કરી, મિલ્કતોને સીલ કરવા,નળ કનેકશન કાપવા સુધીની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. આથી તમામ કરદાતાઓને તાત્કાલિક હપ્તા ભરી સુરત શહેરના વિકાસમાં સહભાગી થવા અપીલ કરવામાં આવે છે.

વધુમાં જણાવવાનું કે હાલમાં લિંબાયત ઝોનમાં આવેલ વોર્ડ નં.૪૧ માં આવેલ ઉમરવાડા, ભાઠેના, આંજણા, માન દરવાજાના વેરા બીલો(મિલ્કત વેરો) તમામ કરદાતાઓને પહોંચાડેલ છે. જેથી ઉપરોકત વિસ્તારના તમામ કરદાતાઓને જણાવવાનું કે પોતાના વેરા બીલો(મિલ્કત વેરો) સમયસર ભરપાઈ કરી સુરત શહેરના વિકાસમાં સહભાગી થવા અપીલ કરવામાં આવે છે.

# અખબારી યાદી

સુરત :– ૫–જુન પર્યાવરણ દિવસથી સુરત મહાનગરપાલિકા દ્વારા સુકો ભીનો કચરો અલગ કરવાનું અભિયાન શરૂ થયેલ છે. જે અંતર્ગત તમામ શહેરીજનો સુધી આ વાત પહોંચે તે માટે અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જે મુજબ આજ રોજ લિંબાયત ઝોનના મિઠીખાડી વિસ્તારમાં આવેલ કમરૂનગર, જુના આવાસ, આંજણા ટેનામેન્ટ, અંબિકાનગર, ડીંડોલી વિસ્તારમાં આવેલ અંબિકાનગર, ચેતનનગર,મણીનગર, ઓમનગર, તેમજ નવાગામ–ડીંડોલી વિસ્તારમાં આવેલ મોદી એસ્ટેટ અને ઉમીયાનગર વિસ્તારમાં મોટી સંખ્યામાં શહેરી જનો, એકત્ર કરીને સુકા–ભીના ઘન કચરાનું વર્ગીકરણ કરી અલગ–અલગ કચરાના ડબ્બાઓમાં ભેગો કરીને, ડોર–ટુ–ડોરના વાહનમાં નિકાલ કરવા માટે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. લિંબાયત ઝોનના ઝોનલ ચીફ શ્રી સી.વાય.ભટ્ટ સાહેબની સુચના અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.એ.પી.ભટ્ટના માર્ગદર્શન હેઠળ, મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી એમ.એ.શેખ, શ્રી સંજય પટેલ, આરોગ્ય નિરીક્ષકો અને મદદનીશ આરોગ્ય નિરીક્ષકોની જુદી–જુદી ત્રણ ટીમોએ આ કાર્યક્રમો કર્યા હતા.

**"વિશ્વ પર્યાવરણ દિવસ"** નિમિત્તે તા.૦૫/૦૬/૧૭નાં રોજ ગાર્ડન વિભાગ ધ્વારા ફુલઝાડનાં રોપાઓ રોપવાની કામગીરી ધન કચરાનાં વર્ગીકરણ કરવા અંગેનાં શપથ લેવડાવવા બાબત.

# સુરત [illegible]ાલિકા
# જાહેર આરોગ્યવિભાગ
# સ્વચ્છ ભારત અભિયાન
# <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાંયક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જૂન ૨૦૧૭ની તા.૦૫/૦૬/૧૭નાં રોજ **"વિશ્વ પર્યાવરણ દિવસ"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૦૫/૦૬/૧૭ નાં રોજ ગાર્ડન વિભાગ ધ્વારા ફુલઝાડનાં રોપાઓ રોપવાની કામગીરી તથા ધન કચરાનાં વર્ગીકરણ કરવા અંગેનાં શપથ લેવડાવવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત આજ રોજ કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ આરોગ્ય અધિકારીશ્રી ધ્વારા આરોગ્ય/ઈજનેર/ગાર્ડન વિભાગનાં સુપરવાઈઝર સ્ટાફ વિગેરેની સંયુકત ટીમો બનાવી દરેક ઝોનમાં આ ટીમો ધ્વારા ફુલ–ઝાડનાં રોપા–રોપવાની કામગીરી કર્યાબાદ સુકા/ભીના ધન કચરાનું વર્ગીકરણ કરવામાં પ્રચાર–પ્રસાર અર્થે રેલીઓનું આયોજન કરવામાં આવેલ હતું. આ રેલીમાં ભાગ લેનાર તમામ મહાનુભાવો, પદાધિકારીઓ, વિધાર્થી, શિક્ષણગણ, નગરજનો અને કર્મચારીગણો વિગેરેને સુકા/ભીના ઘન કચરાનું વર્ગીકરણ કરી અલગ–અલગ ડસ્ટબીનમાં રાખવા બાબતનાં શપથ લેવડાવવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

| રેલીની સંખ્યા | ફુલ/ઝાડ રોપા–રોપવાની સંખ્યા | રોપા–રોપવા રેલીમાં ભાગ લેનાર | | |
|---|---|---|---|---|
| | | પદાધિકારી/મહાનુભાવો | કર્મચારીગણ | નગરજનો/વિધાર્થી/શિક્ષકગણ |
| ૭ | ૭૪૬ | ૪૫ | ૮૫ | ૧૩,૮૫૦ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

**"વિશ્વ પર્યાવરણ દિવસ"** નિમિત્તે તા.૦૬/૦૬/૧૭નાં રોજ સરકારી/અર્ધસરકારી અને ખાનગી ખુલ્લા પ્લોટોની સફાઈ કરાવવા બાબત.

# સુરત [illegible]પાલિકા
# જાહેર આરોગ્યવિભાગ
# સ્વચ્છ ભારત અભિયાન
# <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જૂન ૨૦૧૭ની તા.૦૫/૦૬/૧૭નાં રોજ **"વિશ્વ પર્યાવરણ દિવસ"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૦૬/૦૬/૧૭ નાં રોજ સરકારી/અર્ધસરકારી અને ખાનગી ખુલ્લા પ્લોટોની સફાઈ કરાવવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૬/૦૬/૧૭નાં રોજ તમામ ઝોનનાં આરોગ્ય વિભાગની ટીમ ધ્વારા નાયબ આરોગ્ય અધિકારીની સીધી દેખરેખ હેઠળ ઝોન વિસ્તારમાં આવેલી સરકારી/અર્ધસરકારી અને ખાનગી ખુલ્લા પ્લોટોની સફાઈ કરાવવામાં આવેલ હતી. તેમજ આજુબાજુનાં વિસ્તારમાં પ્રચાર ગાડી ધ્વારા સુકો/ભીનો કચરો જુદો પાડી ડોર–ટુ–ડોર કચરો વહન કરતી ગાડીમાં અલગ–અલગ આપવા માટેનો પ્રચાર–પ્રસાર કરવામાં આવ્યો હતો. તથા સફાઈ કરાવેલ વિસ્તારોનાં ખાનગી પ્લોટનાં માલિકોને વહીવટી ખર્ચ વસૂલ કરી નોટીસ પાઠવવામાં આવેલ હતી.

| સફાઈ કરવામાં આવેલ સરકારી/ખાનગી ખુલ્લા પ્લોટ | સફાઈ કામગીરી કરાવવા માટે રોકવામાં આવેલ સ્ટાફ | | વહીવટી ખર્ચ | નોટીસ | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રામ) |
|---|---|---|---|---|---|---|
| | સુપરવાઈઝર | કામદાર | | | | |
| ૬૦ | ૩૫ | ૨૮૧ | ૧૦,૭૦૦ | ૪૩ | ૪.૬૨ | ૨૩૦ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૨૪૧

**"વિશ્વ પર્યાવરણ દિવસ"** નિમિત્તે તા.૦૭/૦૬/૧૭નાં રોજ નદી/કિનારાનાં ઓવારા, તળાવ, નાળાની આજુબાજુમાં સાફ સફાઈ કરાવવી ત્યારબાદ વર્ગીકરણનાં શપથ લેવડાવવા બાબત.

# સુરત [illegible]ાલિકા
# જાહેર આરોગ્યવિભાગ
# સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જૂન ૨૦૧૭ની તા.૦૫/૦૬/૧૭નાં રોજ **"વિશ્વ પર્યાવરણ દિવસ"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૦૭/૦૬/૧૭નાં રોજ નદી/કિનારાનાં ઓવારા, તળાવ, નાળાની આજુબાજુમાં સાફ સફાઈ કરાવવી ત્યારબાદ વર્ગીકરણનાં શપથ લેવડાવવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૭/૦૬/૧૭નાં રોજ ઝોનમાં આવેલ આરોગ્ય, વી.બી.ડી.સી. તેમજ ઈજનેર વિભાગની સંયુકત ટીમ સાથે શહેરનાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમજ નગરજનોની સંયુકત ટીમ બનાવી શહેરનાં ઝોન વિસ્તારમાં આવેલ નદી, તળાવ, ઓવારાનાં કિનારાની આજુબાજુ તથા અંદરનાં ભાગે ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરાવી કચરો–કચરામિશ્રીત માટીનાં ઢગલાંઓનો નિકાલ કરાવ્યા બાદ જંતુનાશક પાઉડરનો છંટકાવ કરાવવામાં આવેલ હતો.

| નદી/કિનારા/ ઓવારા | સફાઈ કામગીરી કરાવવા માટે રોકવામાં આવેલ સ્ટાફ | | શપથ લેવડાવવામાં આવેલ અધિકારી/પદાધિકારી અને નગરજનો | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રામ) |
|---|---|---|---|---|---|
| | સુપરવાઈઝર | કામદાર | | | |
| ૨૭ | ૫૬ | ૨૧૬ | ૫૪૨ | ૩.૫૦૦ | ૧૦૮૨ |

ત્યારબાદ ઉપરોકત કામગીરીમાં હાજર રહેલ તમામ સભ્યોને સુકો/ભીના કચરાનું વર્ગીકરણ કરી તેનાં નિકાલ અર્થે અલગ અલગ ડસ્ટબીન રાખવા માટેની સમજ આપવા માટેનું આરોગ્યલક્ષી શિક્ષણ આપ્યા બાદ તે અંગેનાં શપથ લેવડાવવામાં આવ્યા હતા.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૨૪૨

**"વિશ્વ પર્યાવરણ દિવસ"** નિમિત્તે તા.૦૮/૦૬/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં ગાર્ડન અને શાંતિકુંજની આજુબાજુ તથા રોડ પર સફાઈ કરાવવા બાબત.

# સુરત [illegible]ાલિકા
# જાહેર આરોગ્યવિભાગ
# સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/ર્કાયક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જૂન ૨૦૧૭ની તા.૦૫/૦૬/૧૭નાં રોજ **"વિશ્વ પર્યાવરણ દિવસ"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૦૮/૦૬/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં ગાર્ડન અને શાંતિકુંજની આજુબાજુ તથા રોડ પર સફાઈ કરાવવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૮/૦૬/૧૭નાં રોજ તમામ ઝોનનાં આરોગ્ય વિભાગ તથા ગાર્ડન વિભાગની સંયુકત ટીમ બનાવી સદર ટીમ ધ્વારા બાગ–બગીચા તથા શાંતિકુંજની અંદર–બહાર તેમજ આજુબાજુનાં લાગત રસ્તાની ઘનિષ્ઠ સ્ક્રેપીંગ–બ્રશીંગની કામગીરી કરાવી કચરો–કચરામિશ્રીત માટીનાં ઢગલાંઓનો નિકાલ કરાવ્યા બાદ જંતુનાશક દવાનો છંટકાવ કરાવવામાં આવેલ હતો.

| સફાઈ કરવામાં આવેલ શાંતિકુંજ/ગાર્ડન | અધિકારી/પદાધિકારી સફાઈ ઝુંબેશમાં ભાગ લેનાર | સુપરવાઈઝર | કામદાર | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રામ) |
|---|---|---|---|---|---|
| ૪૩ | ૧૮ | ૬૪ | ૩૨૪ | ૧.૯૦૦ | ૧૦૩૭ |

વધુમાં આ ટીમો ધ્વારા આજુબાજુમાં રહેણાંક વિસ્તારમાં વસવાટકર્તાઓનાં ઘરે ઘરે જઈ તેઓનાં ઘરોમાંથી નીકળતો સુકો/ભીના કચરાનું વર્ગીકરણ કરી તેનાં નિકાલ અર્થે અલગ અલગ ડસ્ટબીન રાખવા માટેની સમજ તથા આરોગ્યલક્ષી શિક્ષણ પણ આપવવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૨૪૩

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૦૨/૦૬/૨૦૧૭ થી તા.૦૮/૦૬/૨૦૧૭ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૨૮૭૪ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૮૪ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૬૯ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૧ |
| ૫ | માયનોર ઓપરેશન | ૧૫ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૩૬ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં....0243....
તા. /૬/૧૭